---

## પરિપત્ર:

**વિષય: સપ્તક યુવક મહોત્સવ "અવસર – ૨૦૨૫"નાં પ્રવેશ પત્રો (Entry Form) ભરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ અને સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટરશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાઓને જણાવવાનું કે, યુનિવર્સિટીનો સાતમો યુવક મહોત્સવ તારીખ **૧૯-૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫** દરમ્યાન "**શ્રી યદુનંદન આહીર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ડૉ. આર.એન. વારોતરીયા મહિલા આર્ટસ કોલેજ – જામખંભાળીયા**" ખાતે આયોજીત કરવામાં આવેલ છે. આ સંદર્ભે યુવક મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છુક વિધાર્થીઓનાં પ્રવેશ પત્રો **તા: ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ને સાંજે ૫:૦૦ વાગ્યા** સુધીમાં નીચે આપેલ ઓનલાઇન લીંક માધ્યમથી નિર્ધારિત **ફી રૂપિયા ૫૦૦/-** સાથે જમા કરાવવાનું જણાવવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ બાબત ધ્યાને લઇ સ્પર્ધકોનાં જરૂર મુજબનાં ડોકયુમેન્ટસ ઓનલાઈન લીંક તારીખ ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ને સવારે ૧૧:૦૦ કલાક થી શરુ થશે.

Online link: https://avsarbknmu.com/

- યુવક મહોત્સવ માર્ગદર્શિકાનાં સામાન્ય નિયમો **મુજબ ૧ જુલાઈ, ૨૦૨૫નાં રોજ જેની ઉંમર ૨૫ વર્ષ ન થતી હોય તેવા વિધાર્થીઓ ભાગ લઇ શકશે.** (૨૫ વર્ષથી ઉપરની ઉંમરનાં વિધાર્થીઓ ભાગ લઇ શકશે નહિ.)
- ઉંમરનાં પુરાવા તરીકે **સ્પર્ધકનું લીવીંગ સર્ટીફીકેટ, આધાર કાર્ડ, પ્રવેશ ફોર્મ સાથે જમા કરાવવાનું** રહેશે.
- માહિતી પુસ્તિકા આ સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરેલ છે જેનો સંપૂર્ણ અભ્યાસ કરી ઓનલાઇન એન્ટ્રી ફોર્મ ભરી **તા.૦૧/૦૯/૨૦૨૫ થી ૧૨/૦૯/૨૦૨૫ ને સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂપિયા ૫૦૦/- એન્ટ્રી ફી જમા કરાવવાની રહેશે.** ત્યારબાદ આવેલી એન્ટ્રી ધ્યાને લેવામાં આવશે નહિ. તેમજ અધૂરી માહિતી ભરેલા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
- **દરેક સંસ્થાઓએ ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ બે (૦૨) ટીમ મેનેજરોની નિમણૂક કરવાની રહેશે**.
- એક વિધાર્થી સ્પર્ધક વધુમાં વધુ ૩ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- તમામ સ્પર્ધાઓમાં માત્ર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે નોંધાયેલ વિધાર્થીઓ જ ભાગ લઇ શકશે.
- યુથ ફેસ્ટીવલ સ્પર્ધાત્મક હોઈ **જે સ્પર્ધા માટે ૩ થી ઓછી એન્ટ્રી આવશે તે સ્પર્ધા આપોઆપ રદ થશે.**
- નૃત્ય વિભાગની **સ્પર્ધાઓમાં ફિલ્મી ગીતો કે અન્ય રેકર્ડ/સીડી ઉપર નૃત્ય રજૂ કરી શકાશે નહી**.
- યુવક મહોત્સવ અવસર – ૨૦૨૫ નાં આયોજન તેમજ અન્ય સૂચનાઓ માટે દરેક સંસ્થાઓનાં ટીમ મેનેજશ્રીઓની મીટીંગ આગામી સમયમાં જામખંભાળિયા ખાતે રાખવામાં આવશે, જેની તારીખ અને સમય હવે પછી જણાવવામાં આવશે. સાથે સંસ્થા અને ભવનોના ટીમ મેનેજરશ્રીઓએ ફોર્મસ તથા ડોક્યુમેન્ટ ની ફાઈલ સંસ્થા પર જમા કરાવવાની રહેશે.
- પ્રત્યેક સંસ્થાએ સ્પર્ધકોનો અને સાથે આવનાર ટીમ મેનેજરનાં આવવા – જવાનો તથા રહેવા જમવાનો ખર્ચ સ્વયં ભોગવવાનો રહેશે અથવા યજમાન સંસ્થાએ જે વ્યવસ્થા કરી હશે તેને સહયોગ આપવાનો રહેશે.
- સ્પર્ધક ભાઈઓ તથા બહેનોની રહેવા માટેની વ્યવસ્થા યજમાન સંસ્થા તરફથી કરવામાં આવશે. તેમજ જે સ્પર્ધકો અને ટીમ મેનેજરોની રહેવા જમવાની વ્યવસ્થા કરવાની હોય તેઓની માહિતી આપેલ ઈમેઈલ આઈડી ઉપર તા: ૧૨/૦૯/૨૦૨૫ સુધીમાં નીચે મુજબ અલગથી મોકલી આપવાની રહેશે. ઉદાહરણ તરીકે...

| કોલેજનું નામ | સ્પર્ધક બહેનોની સંખ્યા | સ્પર્ધક ભાઈઓની સંખ્યા | ટીમ મેનેજર |
|---|---|---|---|
| | | | |

- યુવક મહોત્સવ દરમ્યાન જો કોઈ સ્પર્ધક કે સંસ્થા અશિસ્તનું આચરણ કરશે, અશોભનીય વર્તન કરશે કે અવ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ કરશે તો તેવા સ્પર્ધક કે સંસ્થા સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તે અંગે અલગથી સ્પષ્ટતા કરવામાં આવી છે.




**Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road Khadiya, Junagadh-362263 (Gujarat)**

**Ph: 0285-2681400 fax: 0285-2681503**

**Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in,** cultural.bknmu@gmail.com

- ટીમ મેનેજરો અને સ્પર્ધકોએ પોતાનું આઇ – કાર્ડ સાથે રાખવું જે સ્પર્ધાના સમયે સબંધિત અધિકારીને બતાવવાનું રહેશે.
- યુવક મહોત્સવ સ્પર્ધા શરૂ થતા પહેલા કે સ્પર્ધા શરુ હોય ત્યારે કોઈપણ પ્રકારનાં વિરોધ/વાંધા/આપતી હોય તો જે તે સંસ્થાના ટીમ મેનેજરશ્રીએ ડિપોઝીટ નાં રૂ.૧૦૦૦/- (એક હાજર રૂપિયા) ભરી લેખિતમાં પોતાની રજૂઆત કરવાની રહેશે. જેનો ઉકેલ લવાદ સમિતિ દ્રારા કરવામાં આવશે.
- યુવક મહોત્સવ “અવસર– ૨૦૨૫” માં પ્રથમ, દ્રિતીય અને તૃતીય આવનાર સંસ્થાઓને અનુક્રમે ચેમ્પિયનશીપ, ફર્સ્ટ રનર્સ અપ અને સેકન્ડ રનર્સ અપ જાહેર કરવામાં આવશે. જેનું ગુણાંકન નીચે મુજબ થશે.

| સામૂહિક સ્પર્ધાઓ | |
|---|---|
| પ્રથમ | ૧૦ પોઈન્ટ |
| દ્રિતીય | ૦૫ પોઈન્ટ |
| તૃતીય | ૦૩ પોઈન્ટ |

| વ્યક્તિગત સ્પર્ધાઓ | |
|---|---|
| પ્રથમ | ૦૫ પોઈન્ટ |
| દ્રિતીય | ૦૩ પોઈન્ટ |
| તૃતીય | ૦૧ પોઈન્ટ |

સવિશેષ માહિતી અને માર્ગદર્શન માટે cultural.bknmu@gmail.com ઉપર ઈ-મેઈલ દ્રારા અથવા યુવક મહોત્સવનાં સંયોજકોનો સંપર્ક કરવો. **કો-ઓર્ડીનેટર ડૉ.રૂપા બી. ડાંગર (મો. ૯૫૧૨૦૫૫૦૨૫ / ૮૩૨૦૦૬૯૨૭૨)** વધુ વિગતો હવે પછી સમયાંતરે વેબસાઇટ પર મુકવામાં આવશે જેની નોંધ લેવી.

Rbdangar

કલ્ચરલ કો-ઓર્ડીનેટર
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
જૂનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/સાંસ્કૃતિક વિભાગ/ ૧૯ /૨૦૨૫, **તા. ૦૧/૦૯/૨૦૨૫**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બીકેએનએમયુ રોડ,
ખડીયા, જૂનાગઢ-362263.

પ્રતિ,
યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ અને સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટરશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ તરફ.

**નકલ રવાના:**
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.. (૨) આઇ.ટી સેલ, વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અર્થે..


Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503
Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com